## મિશન મંગલમ તાલુકા પંચાયત પાટડી
## સાફલ્ય ગાથા

ગામનું નામ : જરવલા

તાલુકો : પાટડી જિલ્લો : સુરેન્દ્રનગર

### સ્વસહાય જુથની વિગત

જુથની રચના : ૨૬–૦૬–૨૦૧૦

જુથનું નામ : જય ભવાની સખી મંડળ

પ્રમુખનું નામ : પટેલ કૈલાસબેન ગોવિંદભાઈ

મંત્રીનું નામ : દેવીપુજક લક્ષ્મીબેન દેવશીભાઈ

જુથની પ્રવૃતિ : શાકભાજી વાવેતર અને વેચાણ

સભ્ય સંખ્યા :૧૧

સભ્યની માસીક બચત : ૩૩૦

કુલ બચત : ૧૦,૦૦૦/–

બેકનું નામ : બેંક ઓફ બરોડા , પાટડી ખાતા નંબર : ૦૩૭૨૦૧૦૦૦૦૭૪૬૬



# પૂર્વ ભુમિકા

અમો જરવલા ગામની બહેનો છીએ અમારા આખા કુટુંબનું ભરણપોષણ એક જ વ્યકિત પર હતુ. જેથી અમો અમારા કુટુંબનું યોગ્ય ભરણપોષણ આપી શકતા ન હતા. સ્ત્રી વર્ગ એ પણ પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થવા ઘરની બહાર નીકળવું પડે છે. પરીણામે ઘર અને બાળક તરફ ધ્યાન આપી શકાતુ નહોતુ જેથી આ યોજના અંતર્ગત ઘરેલું વ્યવસાય સાથે જોડાયા અને અમારી આર્થિક અને સામાજિક સ્થિતિમાં સુધારો થયો છે.

**<u>પ્રવૃતિ ની શરૂઆત</u>**

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરેન્દ્રગનર હસ્તકના મિશન મંગલમ યોજના અંતર્ગત અમારા મંડળ ની રચના થયેલ છે. જેમાં ૧૧ બહેનોથી અમારા મંડળની રચના કરેલ છે. અમારા મંડળનું ખાતુ બેંક ઓફ બરોડા પાટડી શાખામાં છે. અમારા મંડળની માસિક બચત રૂ.૩૩૦ છે.સભ્યોનું જીવન ધોરણ ઉંચુ લાવવા અને આર્થિક રીતે પગભર કરવા માટ શાકભાજી વાવેતર અને વેચાણ શરૂ કરવામાં આવેલ છે.

આ પ્રોજેકટ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના જુદા જુદા ગામામાં બનેલ સ્વસહાય જુથો પૈકી નિયમીત રીતે બચત કરતા અને અંદરો અંદર ધિરાણની પ્રવૃતિ કરતા બી.પી.એલ. મહિલા સ્વસહાય જુથોનું બેક ગ્રેડીગ કરાવી. મિશન મંગલમ યોજના અંતર્ગત પ્રોજેકટ કક્ષાએથી આર્થિક રીતે પગભર બનવા માટે દરેક જુથોને જુથદીઠ રૂા.૧૦,૦૦૦/– રીવોલીગફંડ આપેલ છે.તેમજ બેંક ઓ. બરોડા તરફથી માઈક્રોફાઈનાન્સ નાં રૂ.૫૦,૦૦૦ મળેલ છે.જેમાંથી અમો મંડળની બહેનોએ નાના પાયે શાકભાજી વાવેતર અને વેચાણ નો ધંધો શરૂ કરેલ છે.જેનું કામ મંત્રી બહેન ભાગવી જમીન વાવીને મોટા પાયે શાકભાજીની ખેતી કરે છે અને અમે બીજા બહેનો ગામમાં તેમજ પાટડી તેનું વેચાણ કરીએ છીએ.અમો બેંકના હપ્તા નીયમીત ભરપાઈ કરેલ છે.અમારા શાકભાજી નાં વેચાણથી રોજનું વેચાણ ૫૦૦રૂા. થાય છે.જેમાંથી માસિક નફો રૂા. ૭૦૦૦ જેટલો મળે છે. મિશન મંગલમ યોજના હેઠળ અમારામાં આત્મવિશ્વાસ માં વધારો થયો.

અમારી જ્ઞાતિ માં દેવીપુજક સમાજમાં મુખ્ય વ્યવસાય શાકભાજી ખેતી અને વેચાણ વ્યાપાર હોવાથી મિશન મંગલમ યોજના ની સહાયથી અમારા પરિવારનું સારી રીતે ભરણપોષણ કરી શકીએ છીએ.



## <u>સાર</u>

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દવારા ચાલતી મિશન મંગલમ યોજના દવારા અમારા  જુથની અમારા જેવી ગ્રામ્ય મહીલાઓના આર્થિક અને સામાજીક દરજજામાં સુધારો લાવવા માટે આત્મવિશ્વાસ અને આત્મસંમાન સ્વાયતતા ઉભી કરવા માટે આર્થિક રીતે આ યોજના અમો માટે મદદરૂપ બને છે. અમોને આ પ્રેરણા  મળેલ છે.